# મદનલાલ ધીંગરા : શહાદત અને તેની પૂર્વભૂમિકા

– ભરત પટેલ




મદનલાલ ધીંગરાનો જન્મ અમૃતસરમાં. પિતા રાયસાહેબ ડૉ. દિત્તામલ પરમ અંગ્રેજભક્ત ! ઘરમાં રાષ્ટ્રભક્તિના વાતાવરણનો સદંતર અભાવ. પણ બાળવય પૂરી થતાં જ મદનલાલને લાગવા માંડ્યું કે પોતાના ઘરે આવતાં-જતાં ગોરા લોકો તો પરદેશી છે ને આપણા પર રાજ કરે છે. એવામાં ક્યાંકથી મંગલ પાંડેની જીવનકહાણી હાથ લાગી ગઈ અને મનોમન નક્કી થયું - 'થવું તો મંગલ પાંડે જેવા થવું.'

પિતા દિત્તામલને પુત્રની અંગ્રેજવિરોધીઓની સંગત ગમતી નહીં. એટલે જ જ્યારે મદનલાલ લંડનની ઍન્જિનિયરીંગ કૉલેજમાં ભણવા ગયા ત્યારે અમૃતસરમાં બેઠાં-બેઠાં પિતાએ એમના પરિવારના શુભેચ્છક ગણાતા સર કર્ઝન વાયલીને પુત્રમાં 'દોષ' પ્રવેશી ન જાય એ માટે દેખરેખનું કામ સોંપ્યું. કર્ઝન વાયલીને લંડનમાં રહેતા મદનલાલના ભાઈએ જ માહિતી આપી કે મદનલાલનો સંપર્ક શ્યામજી અને સાવરકર જેવા વિદ્રોહીઓ સાથે છે.

રંગીન મિજાજી વ્યક્તિત્વ ધરાવતા મદનલાલને 'ભારત ભવન'ના ક્રાંતિકારીઓ (સાવરકર સિવાયના) ક્યારેક ભારતવિરોધી - જાસૂસ - જેવાય લાગેલા. હકીકતમાં મદનલાલ કર્ઝન વાયલીના અંગ્રેજ ગુપ્તચરોને થાપ આપવા આવું અસામાન્ય વર્તન કરતા અને સાવરકર એ જાણતા.

એક દિવસ 'ભારત ભવન'માં સાવરકર સાથીઓ સાથે વાતો કરી રહ્યા હતા ત્યાં જ મદનલાલનું આગમન થયું. કેટલાક ક્રાન્તિકારીઓ શંકાની દૃષ્ટિએ જોઈ રહ્યા. વાતવાતમાં મદનલાલે સાવરકરને પૂછ્યું, 'Vinayakrao, Do you think the time of Martyerdom has realy come ?' સાવરકર તેની આંખમાં રહેલા ગૂઢ પ્રકાશને પારખી ગયા. આ યુવક જાણે કે મોતનો સામાન ખભા પર બાંધીને જ આવ્યો હતો !

૯ જૂન, ૧૯૦૯. લોર્ડ કર્ઝનની હત્યાનો નિષ્ફળ પ્રયાસ થયો. ગુરુ સાવરકરનો હળવો ઠપકો મળ્યો. આ ઘટનાના થોડા જ દિવસ પછી ૨૦ જૂનના રોજ મદનલાલ સાવરકરને સક્ષમ યોજના સાથે મળ્યા. ગુરુ-શિષ્ય ભેટી પડ્યા. કદાચ, આ એમનું છેલ્લું હાર્દિક મિલન હતું...

યોજના હતી પોતાના જ પરિવારના શુભેચ્છક ગણાતા અને પોતાની પાછળ ગુપ્તચરો ફેરવનારા કર્ઝન વાયલીની હત્યાની...

૧ જુલાઈ, ૧૯૦૯. મદનલાલ મા કાલિકાની છબી સમક્ષ માથું ટેકવી ઘરની બહાર નીકળ્યા. લક્ષ્ય હતું, ઇમ્પિરિયલ ઇન્સ્ટિટ્યૂટ જહાંગીર હૉલથી જોડાયેલી સેવોલ હૉટેલ. ત્યાં પહોંચ્યા ત્યારે રાતના આઠ વાગ્યા હતા. રંગબેરંગી પોશાક, ધીમું પશ્ચિમી સંગીત, ખાણીપીણી... કર્ઝન વાયલીએ જ યોજેલો આ સમારંભ હતો. મદનલાલને ઘણા સ્ત્રી-પુરુષ મિત્રો ટોળે વળ્યા. હસ્તધૂનન થયું. વાતચીતો અને મજાક ચાલતી રહી. વ્યવસ્થાપક મંત્રી મિસ બકે તો પૂછીય લીધું, ‘ક્યારે સ્વદેશ પાછા ફરો છો, મદનલાલ ?’

‘બસ, યુનિવર્સિટીની છેલ્લી પરીક્ષા જ બાકી છે, પછી નીકળી જઈશ...’ મદનલાલે પ્રત્યુત્તર તો આપ્યો પણ એનો ગર્ભિત અર્થ કેટલા સમજ્યા હશે ? અલબત્ત, મદનલાલ આ ‘છેલ્લી પરીક્ષા’ની પૂરી તૈયારી સાથે જ સમારંભમાં આવ્યા હતા.

સમારંભનું મુખ્ય કેન્દ્ર હતા, પત્ની સાથે આવેલા વાયલી. એક પછી એક સૌ તેમને મળતા રહ્યા. લગભગ અગિયાર વાગ્યા સુધી આ ક્રમ ચાલતો રહ્યો. પછી ધીમે ધીમે લોકો વિખરાવા લાગ્યા. મિસિસ વાયલી ગરમ કપડાં લેવા માટે બાજુના ખંડમાં ગયાં. લાગ જોતાં જ મદનલાલ કર્ઝન વાયલી તરફ ફર્યા. પોતાના પરમ મિત્ર દિત્તામલનો પુત્ર પોતાને કશુંક કહેવા ઇચ્છે છે એમ માની કર્ઝન વાયલી પણ વિધિયોગે મદનલાલની વધુ નજીક આવ્યા...

બરાબર તક જોઈને મદનલાલે પળવારમાં કોટમાંથી બેલ્જિયમ રિવોલ્વર કાઢી ધડાધડ ગોળીઓ છોડવા માંડી. સ્તબ્ધ, ગભરાયેલો વાયલી થોડો પાછળ હઠ્યો પણ નિશાન અચૂક હતું... બીજી... ત્રીજી... ચોથી... ગોળીઓ છૂટતી રહી. બધું પળવારમાં પતી ગયું. લોકોએ જોયું કે લોહીલુહાણ વાયલી ઢળી પડ્યો છે ! રિવૉલ્વરની અંતિમ ગોળીથી મદનલાલ પોતાની આત્માહુતિ આપવા ઇચ્છતા હતા પણ એ પહેલાં જ પકડાઈ ગયા. દરમિયાન ચારે બાજુ ચિચિયારીઓ થઈ રહી હતી. વાયલીના મૃતદેહને પોલીસે ઘેરી લીધો હતો. આવડા મોટા પરાક્રમને અંજામ આપ્યા પછીય મદનલાલ હળવા-સ્વસ્થ હતા. ઝપાઝપીમાં નીચે પડી ગયેલાં ચશ્માં લેવા તેમને પકડીને ઊભેલી પોલીસને તેમણે હસતાં હસતાં કહ્યું, ‘અરે, મારાં ચશ્માં તો લેવા દો ભાઈ !’

પોલીસ કસ્ટડીમાં મદનલાલના કોટમાંથી પિસ્તોલ મળી આવી અને સાથે જ પોતે એક અંગ્રેજને શા માટે ખતમ કર્યો છે તેનું સાચેસાચું - સચોટ નિવેદન પણ ! જાણે કશું જ ન બન્યું હોય તેમ મદનલાલ નિશ્ચિંત થઈ સૂઈ ગયા. સાવરકર સુધી આ વાત પહોંચી ચૂકી હતી અને 'ભારત ભવન'માં 'વંદે માતરમ્'નો નારો ગૂંજતો હતો.

૧૦ જુલાઈ, ૧૯૦૯. વેસ્ટમિન્સ્ટર પોલીસ કોર્ટમાં ન્યાયમૂર્તિ હોરેસ સ્મિથ સમક્ષ મદનલાલને હાજર કરાયા છે. મદનલાલ કોર્ટ સમક્ષ ટૂંકું વક્તવ્ય આપે છે :

'જે રીતે જર્મનોને ઈંગ્લૅન્ડ પર કબજો કરવાનો કોઈ અધિકાર નથી તે જ રીતે ભારત પર શાસન કરવાનો અંગ્રેજને અધિકાર નથી. હું મારી જાતને લેશમાત્ર દોષિત માનતો નથી કેમ કે મારા દેશની સ્વાધીનતા માટે મેં જે કર્યું તે અપરાધ ન હોઈ શકે. હું ઇચ્છું છું કે ન્યાયાલય મને ફાંસીની સજા આપે, એનાથી ક્રાંતિની ભાવના વધુ દૃઢ થશે !'

થયું પણ એમ જ ! ૧૭મી ઑગસ્ટે મદનલાલને ફાંસી આપવાની ઘોષણા ન્યાયાલય દ્વારા થઈ. (સામાન્ય રીતે ફાંસીની તારીખ ન્યાયાલય નહીં, જેલતંત્ર નક્કી કરે, પણ બ્રિટિશ સામ્રાજ્યને ઉતાવળ હતી !)

ફાંસીના દિવસ પૂર્વે ફરી એકવાર સાવરકર થોડીક પળો માટે મદનલાલને મળી શક્યા હતા. એમની વચ્ચેનો સંવાદ પ્રત્યેક ભારતવાસીએ અંકે કરવો જોઈએ.

મદનલાલ : એક આયનો જોઈએ છે.

સાવરકર : આયનો ? હું સમજ્યો નહીં...

મદનલાલ : હા, આયનો ! ફાંસીના દિવસે હું તેમાં મારો ચહેરો નિહાળીશ. ચિંતાની એકાદ લકીરેય ચહેરા પર નથી દેખાતી ને ? એની ખાતરી કરીશ. અને મારો મૃતદેહ તમે સાથીદારો મેળવજો. તેને કોઈ અહિન્દીઓનો મલિન સ્પર્શ થવા દેશો મા. તેનો અગ્નિસંસ્કાર કરજો. મારી ચીજવસ્તુઓ વેચીને તેમાંથી મળેલી રકમ ક્રાંતિ માટે વાપરજો. અને - અને... બસ, વન્દે માતરમ્ !

૧૭ ઑગસ્ટ, ૧૯૦૯. વહેલી સવારે પેન્ટોવિલા જેલના એક ખૂણે, ફાંસીખોલીમાં મદનલાલ ધીંગરાને ફાંસી આપવામાં આવી. બ્રિટિશ ભૂમિ પર 'ભારત ભવન'નો એ પ્રથમ શહીદ હતો !